# ગુજરાત રાજ્ય બીજ નિગમ લિમિટેડ

(ગુજરાત સરકારનું સાહસ) CIN No. : U65410GJ1975SGC002693

રજી. કચેરી : બીજ ભવન, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર - ૩૮૨ ૦૧૦.

વેબસાઈટ : www.gurabini.com, ઈ-મેઈલ : info@gurabini.com

શાખાઓ : મહેસાણા • પાલનપુર • હિંમતનગર • નડીયાદ • ગોધરા • વડોદરા • વ્યારા • સુરેન્દ્રનગર • ભૂજ • અમરેલી • રાજકોટ • જુનાગઢ • વેચાણ કેન્દ્ર : જામનગર


**સીનીયર બીજ અધિકારી, વર્ગ-૨ ની જાહેરાત ક્રમાંક:-૨ માટે અરજી ચકાસણીને પાત્ર ઉમેદવારોની કામચલાઉ યાદી:-**

ગુજરાત રાજ્ય બીજ નિગમ લિ., દ્વારા **સીનીયર બીજ અધિકારી, વર્ગ-૨** ની ભરતી માટે પ્રસિધ્ધ કરવામાં આવેલ જાહેરાત **ક્રમાંક-૨** ના સંદર્ભમાં **તારીખ:-૨૪/૧૨/૨૦૧૭** ના રોજ લેખિત પરીક્ષા લેવામાં આવેલ હતી. આ લેખિત કસોટીના પરીણામને આધારે નીચે દર્શાવેલ બેઠક નંબરો ધરાવતાં ઉમેદવારોને અરજી ચકાસણીને પાત્ર કામચલાઉ સફળ જાહેર કરવામાં આવે છે. આ યાદી પસંદગી યાદી નથી, પરંતુ જાહેરાતમાં દર્શાવેલ જે તે કેટેગીરીના આશરે છ ગણા ઉમેદવારની માત્ર અરજી ચકાસણીને પાત્ર ઉમેદવારોની યાદી છે. આ યાદીમાં સમાવેશ થવાથી પસંદગી થવા માટે ઉમેદવારનો કોઈ હક્ક પ્રસ્થાપિત થતો નથી.

બેઠક નંબરો:-

| | | | |
|---|---|---|---|
| 2000002 | 2000111 | 2000211 | 2000296 |
| 2000026 | 2000129 | 2000217 | 2000297 |
| 2000033 | 2000138 | 2000243 | 2000312 |
| 2000084 | 2000154 | 2000244 | 2000313 |
| 2000090 | 2000198 | 2000279 | 2000317 |
| 2000107 | 2000206 | 2000295 | 2000327 |
| | | | Total=24 |

૨ ઉપર દર્શાવેલ બેઠક નંબરો ધરાવતાં ઉમેદવારોની અરજીની ચકાસણી જાહેરાતની જોગવાઈઓ મુજબ કરવામાં આવશે અને આ ચકાસણી પુરી થયા બાદ જે ઉમેદવારો બધી જ જરૂરિયાતો સંતોષતા હશે, તેઓ પૈકીમાંથી જે તે કેટેગરીની જાહેરાતમાં દર્શાવેલ જગ્યા જેટલા ઉમેદવારોની મેરીટ યાદીના ક્રમ અનુસાર આખરી પસંદગી કરવામાં આવશે,. આ રીતે મેરીટ યાદી મુજબના જે તે કેટેગરીની સંખ્યાની મર્યાદામાં પ્રાપ્ત થયેલ ઉમેદવારને ગણતરીમાં લીધા બાદ તે પછીના ઉમેદવારોને તેઓ બધી જરૂરિયાતો સંતોષતા હશેતો પણ પસંદગી માટે પાત્ર ગણવામાં નહીં આવે જેની દરેક ઉમેદવારોએ નોંધ લેવી.વધુમાં આ રીતે પસંદગી યાદીમાં જે તે કેટેગરીના છેલ્લા ઉમેદવારના ગુણ જેટલા જ સરખા ગુણ ત્યાર પછીના જે કોઈ ઉમેદવારના હશે તેમને વિચારણામાં લેવામાં આવશે અને સમાન ગુણ ધરાવતાં ઉમેદવારો પૈકી જન્મ તારીખના આધારે જે ઉમેદવાર જે ઉંમરમાં મોટો હશે તેને અગ્રતાક્રમ વિચારણામાં લઈને પસંદગી યાદીમાં સમાવવામાં આવશે.


© ટેલીફોન :

• વેચાણ વિભાગ : ૨૩૨ ૫૬૬૮૬ • ઉત્પાદન વિભાગ : ૨૩૨ ૫૬૬૯૬ • ગુણવત્તા વિભાગ : ૨૩૨ ૫૬૬૭૭

• નાણાં વિભાગ : ૨૩૨ ૫૬૬૯૧ • વહીવટી વિભાગ : ૨૩૨ ૫૬૭૧૭

વહીવટી નિયામક : ૨૩૨ ૫૬૬૮૮, ફેક્સ નંબર : ૨૩૨ ૫૬૭૧૮

૩ આ યાદીમાં અરજી ચકાસણીના અંતે જે તે કેટેગરીની જગ્યાઓ જેટલા પૂરતા ઉમેદવારો પસંદગી માટે જો નહીં મળે તો મેરીટ યાદી મુજબ ક્રમાનુસાર વધુ ઉમેદવારોને કામચલાઉ ધોરણે અરજી ચકાસણીને પાત્ર જાહેર કરવામાં આવશે. વધુમાં સા.વ.વિ.ના તા.૨૯/૧/૨૦૦૦ના ઠરાવ ક્રમાંક: પવસ-૧૦૯૯-મુમ-૧૩-ગ-૪ની જોગવાઈ મુજબ અનામત વર્ગના ઉમેદવારોએ બિનઅનામત વર્ગના ઉમેદવાર જેટલા ગુણ મેળવેલ હશે અને બિનઅનામત વર્ગના ધોરણો સંતોષતા હશે તો તેઓને બિનઅનામત વર્ગની જગ્યા સામે ગણવામાં આવશે અર્થાત વયમર્યાદામાં છુટછાટ મેળેવેલ નહીં હોય તો.

૪ અરજી ચકાસણીની ઉપરની કાર્યવાહી બાદ પસંદગી પામેલ ઉમેદવારોની આખરી યાદી નોટીસ બોર્ડ પર મુકવામાં આવશે.

૫ આ જગ્યાઓ માટે પ્રતીક્ષાયાદી રાખવી કે કેમ તે નિગમના વિવેકાધીન રહેશે, જો પ્રતીક્ષાયાદી જાહેર કરવામાં આવશે તો તેની મુદત અને અમલવારી રાજય સરકારની વખતોવખતની સુચનાઓ અનુસાર રહેશે.

૬ અરજી ચકાસણીને પાત્ર જાહેર કરાયેલ ઉમેદવારોએ આ જાહેરાતના સંબંધમાં ઓનલાઈન કન્ફર્મ થયેલ અરજીપત્રક (અરજીપત્રકમાં ફોટાની બાજુમાં પાસપોર્ટ સાઈઝનો ફોટો લગાડીને) અને સહી સ્પષ્ટ ન હોય તો ફરીથી અરજીપત્રકમાં સહી કરીને નીચેના દસ્તાવેજો, પ્રમાણપત્રોની સ્વયં પ્રમાણિત નકલ નીચેના ક્રમમાં ગોઠવીને <u>તા.૨૫/૦૬/૨૦૧૮</u> સુધીમાં નિગમની કચેરીને મળી જાય તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે.

૬.૧ જન્મતારીખના પુરાવા માટે એસ.એસ.સી ક્રેડીટ પ્રમાણપત્રની નકલ ( જન્મ તારીખના પુરાવા માટે શાળા છોડ્યાનું પ્રમાણપત્ર માન્ય ગણાશે નહીં)

૬.૨ નામ/ અટકમાં ફેરફાર કરેલ હોય તો સરકારી ગેઝેટની નકલ/ પરિણીત મહિલા ઉમેદવાર માટે લગ્ન નોંધણી પ્રમાણપત્રની નકલ

૬.3 અનામત વર્ગ (અનુ.જાતિ, અનુ.જનજાતિ, સા અને શૈ.પ.વર્ગ)ના ઉમેદવારો માટે સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ જાતિ પ્રમાણપત્રની નકલ

૬.૪ સા અને શૈ.પ.વર્ગના ઉમેદવારોએ ( જાહેરાતમાં દર્શાવ્યા મુજબ નિયત સમયગાળાનું ગુજરાતી નમુના મુજબનું પરિશિષ્ટ-ક અથવા છેલ્લી જોગવાઈ પ્રમાણેનું પરિશિષ્ટ-૪ અરજીપત્રકમાં દર્શાવેલ નંબર અને તારીખનું જ) રજુ કરવાનું રહેશે. અંગ્રેજીમાં Annexure-A રજુ કરેલ હશે તો તે માન્ય ગણવામાં આવશે નહી કેમ કે આ પ્રમાણપત્ર કેન્દ્ર સરકારની ભરતી કે સંસ્થાઓ માટેનું છે. પરિણીત મહિલા ઉમેદવારોએ આવું પ્રમાણપત્ર તેઓની માતાપિતાની આવકના સંદર્ભમાં રજુ કરવાનું રહેશે.જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં રજુ કરેલ હશે તો તે માન્ય ગણાશે નહીં.

૬.૫ શારીરિક અશકત ઉમેદવારોના કિસ્સામાં સા.વ.વિ.ના તા.૧/૧૨/૨૦૦૮ના પરિપત્ર મુજબનું નિયત નમુનામાં સરકારી હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડન્ટ/ સિવિલ સર્જન/ મેડીકલ બોર્ડ દ્વારા અપાયેલ પ્રમાણપત્ર

# ગુજરાત રાજ્ય બીજ નિગમ લિમિટેડ

(ગુજરાત સરકારનું સાહસ) CIN No. : U65410GJ1975SGC002693

રજી. કચેરી : બીજ ભવન, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર - ૩૮૨ ૦૧૦.

વેબસાઈટ: www.gurabini.com, ઈ-મેઈલ : info@gurabini.com

શાખાઓ : મહેસાણા • પાલનપુર • હિંમતનગર • નડીયાદ • ગોધરા • વડોદરા • વ્યારા • સુરેન્દ્રનગર • ભૂજ • અમરેલી • રાજકોટ • જુનાગઢ • વેચાણ કેન્દ્ર : જામનગર

૬.૬ માજી સૈનિક ઉમેદવારના કિસ્સામાં ડિસ્ચાર્જ બુકની નકલ

૬.૭ વિધવા મહિલા ઉમેદવારના કિસ્સામાં પુનઃ લગ્ન ન કર્યા અંગેના સોગંદનામાની નકલ

૬.૮ સ્નાતક ( બધાં જ વર્ષના/ સેમેસ્ટરના ગુણપત્રક) અને પદવી પ્રમાણપત્ર

૬.૯ અનુસ્નાતક (બધાં જ વર્ષના/ સેમેસ્ટરના ગુણપત્રક અને પદવી પ્રમાણપત્ર) જો જાહેરાતની જોગવાઈ મુજબ જરૂરી હોય તો.

૬.૧૦ વિદેશની યુનિવર્સિટીમાંથી પદવી મેળવેલ હોય તો તેની એ.આઈ.યુ. દ્વારા માન્યતા આપવા અંગેના પુરાવાની નકલ

૬.૧૧ જાહેરાતમાં દર્શાવેલ લાયકાતની સમકક્ષ લાયકાત ઉમેદવાર ધરાવે છે તેવો તેમનો હક દાવો હોય તો આવા ઉમેદવારે સમકક્ષતા પ્રસ્થાપિત કરતા આદેશો/અધિકૃતતાની વિગતો/ પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

૬.૧૨ ગુજરાત સરકારની સેવામાં ફરજ બજાવતાં કર્મચારીઓએ સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ સા.વ.વિ.ના તા.૮/૧૧/૮૯ના ઠરાવના નિયત થયેલ નમુનામાં "ના વાંધા પ્રમાણપત્ર" અચૂક રજુ કરવાનું રહેશે.

૬.૧૩ અનુભવના પ્રમાણપત્રો: આ પ્રમાણપત્રમાં અનુભવનો સમયગાળો, બજાવેલ ફરજોનો પ્રકાર, પગારની વિગત દર્શાવેલ હોવી જોઈએ અને તે સંસ્થાના લેટરપેડ પર સક્ષમ અધિકારીની સહી અને તારીખવાળું હોવું જોઈએ.

૬.૧૪ ઉમેદવારોએ ભરેલ ફી ની ઝેરોક્ષ નકલ

૬.૧૫ જાહેરાતની જોગવાઈ અનુસંધાનમાં લાગુ પડતા અન્ય આધાર પુરાવા/પ્રમાણપત્રો

૭ **ઉમેદવારોને ખાસ જણાવવામાં આવે છે કે ઉમેદવારોના અરજીપત્રક અને અસલ પ્રમાણપત્રની ચકાસણી દરમ્યાન જો કોઈપણ ઉમેદવાર આ જગ્યાના ભરતી નિયમો તથા જાહેરાતની જોગવાઈ મુજબ નિમંણૂક માટે લાયકાત ધરાવતા જ નથી તેમ માલૂમ પડશે તો તેમની ઉમેદવારી કોઈપણ તબક્કે મૂળભૂતપણે રદ કરવામાં આવશે.**

૮ **ઉમેદવારની પસંદગી જાહેરાતની જોગવાઈ અને મેરીટ યાદી અનુસાર કરવામાં આવશે. આથી કોઈપણ ઉમેદવાર પસંદ થવા માટે કોઈપણ પ્રકારના પ્રલોભનમાં આવવું નહી. જો નિગમના નામે કોઈપણ વ્યક્તિ આ પ્રકારની કામગીરી માટે ઉમેદવારનો કોઈપણ પ્રકારે સીધો કે આડકતરો સંપર્ક કરે તો ઉમેદવારે કોઈપણ પ્રલોભનમાં આવવું નહી. જો તેમ બને તો આ બાબતની તરત જ ખાનગી રાહે સીધે-સીધુ મેનેજીંગ ડીરેક્ટરના ધ્યાને રૂબરૂમાં લાવવા પણ આથી જણાવવામાં આવે છે.**

તા.૧૧/૦૬/૨૦૧૮

સ્થળ:- ગાંધીનગર

મેનેજર(પ્રોડકશન)
ગુજરાત રાજ્ય બીજ નિગમ લિ.,
ગાંધીનગર.